# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **હીના મોદી** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, તેમની સરકાર માટે વિકાસનું મોડલ ‘રાષ્ટ્ર પ્રથમ’ છે

2) અમેરિકાથી પરત આવેલા ગુજરાતનાં 33 નાગરિકોને અમદાવાદ વિમાનમથકેથી પોલીસની સુરક્ષા સાથે ઘરે પહોંચાડવામાં આવ્યા

3) કેન્દ્રીય વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે જણાવ્યું છે કે , કાયદા અને નિયમોનું પાલન કરીને વિદેશમાં પ્રવાસ કરવો સામૂહિક હિતમાં છે.

4) અમેરિકાના લોસ એન્જલસમાં તાજેતરમાં લાગેલી બે આગમાં મિલકત અને મૂડીને કુલ 164 અબજ ડોલરનું નુકસાન થયું હોવાનો અંદાજ

5) નાગપુરમાં રમાઇ રહેલી પ્રથમ વન-ડે મેચમાં ઇંગલેન્ડે ભારતને જીત માટે 249 રનનો લક્ષ્યાંક આપ્યો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RAJYASABHA REPLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમની સરકાર માટે વિકાસનું મોડલ 'રાષ્ટ્ર પ્રથમ' છે, જે તૃષ્ટિકરણ નહીં પણ સંતોષ પર ભાર મૂકે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદનાં બંને ગૃહોનાં સંયુક્ત સત્રને કરેલા સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતા શ્રી મોદીએ રાજ્યસભામાં જણાવ્યું કે, દેશની જનતાએ તેમની સરકારને સમર્થન આપ્યું છે.

(BYTE: NATION FIRST PM)

તેમણે જણાવ્યું કે અમારી સરકારે કૌશલ્ય વિકાસ, નાણાકીય સર્વસમાવેશિતા અને ઔદ્યોગિકીકરણને પ્રાથમિકતા આપી છે.

કોંગ્રેસની ટીકા કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, 'સબકા સાથ, સબકા વિકાસ' શાસન મોડેલ કોંગ્રેસ માટે અસંભવ છે કારણ કે સમગ્ર પક્ષ એક પરિવારને સમર્પિત છે.

(BYTE: PM ON CONGRESS)

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, તેમની સરકારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં હિતોનું રક્ષણ કરવા તેમની તરફેણમાં કાયદા મજબૂત કર્યા છે. શ્રી મોદીએ દિવ્યાંગોનં કલ્યાણ માટે સરકારે કરેલા પ્રયત્નોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# CHHATTISGARH-AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે છત્તીસગઢના ડોંગરગઢ વિસ્તારમાં ચંદ્રગિરી તીર્થ ખાતે આચાર્ય વિદ્યાસાગરજી મહારાજના "પ્રથમ સમાધિ સ્મૃતિ મહોત્સવ અને શ્રી એક હજાર આઠ સિદ્ધચક્ર વિધાન વિશ્વ શાંતિ મહાયજ્ઞ"માં હાજરી આપી હતી. ચંદ્રગિરી તીર્થની મુલાકાત દરમિયાન શ્રી શાહે મહામુનિરાજની સમાધિમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સભાને સંબોધતા, ગૃહમંત્રીએ સત્ય, અહિંસા અને સખાવતનાં મૂલ્યોને જાળવી રાખવા માટે સમાજને એક કરવા બદલ આચાર્ય વિદ્યાસાગરજી મહારાજની પ્રશંસા કરી હતી.

આ કાર્યક્રમમાં છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# USA DEPORTATION

અમેરિકાથી પરત આવેલા રાજ્યના તમામ ૩૩ નાગરિકોને અમદાવાદ વિમાની મથકેથી પોલીસની સુરક્ષા સાથે ઘરે પહોંચાડવામાં આવ્યા છે.

૩૩ નાગરિકોના રહેણાકની વિગતોના આધારે, સંબંધિત જિલ્લાની પોલીસ દ્વારા એક નોડલ અધિકારીની નિમણુક કરી, તમામ નાગરિકોને સરકારી વાહન દ્વારા સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા છે.

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમેરિકાથી પરત મોકલવામાં આવેલા નાગરિકો અંગેની ઘટનાને ગંભીરતાથી લઈને દેશનિકાલ કરાયેલા રાજ્યના નાગરિકોની સુરક્ષા અને જરૂરી સંકલન માટે સિનિયર અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# RS-EAM STATEMENT-1

કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉક્ટર એસ જયશંકરે આજે જણાવ્યું હતું કે, કાયદા અને નિયમોનું પાલન કરીને વિદેશમાં પ્રવાસ કરવો સામૂહિક હિતમાં છે. તેમણે જણાવ્યું કે, જો કોઈ દેશનાં લોકો બીજાં દેશોમાં ગેરકાયદેસર રીતે રહેતા જણાય તો તેમની સામે પગલાં લેવા એ દેશોની ફરજ છે અને તે આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં સર્વસ્વીકૃત સિધ્ધાંત પણ છે.

અમેરિકામાંથી ભારતીય નાગરિકોના દેશનિકાલ પર નિવેદન આપતાં ડૉક્ટર જયશંકરે રાજ્યસભામાં કહ્યું કે અન્ય દેશોમાં ગેરકાયદેસર રીતે રહેતા નાગરિકોને પાછા લેવાની જે તે દેશની ફરજ છે. તેમણે માહિતી આપી કે દેશનિકાલની પ્રક્રિયા નવી નથી અને તે એક સતત પ્રક્રિયા છે જેમાં લશ્કરી અને નાગરિક બંને પ્રકારના વિમાનોનો ઉપયોગ થાય છે.

તેમણે અન્ય દેશોમાંથી દેશનિકાલ કરાયેલા ભારતીયોના આંકડા ગૃહ સમક્ષ રજૂ કરતા કહ્યું કે 2009માં 734 લોકોને ભારત મોકલવામાં આવ્યા હતા, જ્યારે 2024માં એક હજાર 368 અને આ વર્ષે 104 લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, ભારતીયો સાથે ગેરવર્તણુંક ન થાય તે સુનિશ્ચિત કરવા ભારત સરકાર અમેરિકન સત્તાવાળાઓનાં સંપર્કમાં છે.

શ્રી જયશંકરનાં નિવેદન પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના સભ્ય રણદીપસિંહ સુરજેવાલાએ જણાવ્યું કે, અમેરિકા આ જ રીતે સાત લાખથી વધુ ભારતીયોને દેશનિકાલ કરવા માંગે છે. તેમણે જણાવ્યું કે, સરકારે ગૃહને જણાવવું જોઇએ કે આવા કેટલાંક ભારતીયો અમેરિકાની જેલમાં બંધ છે અને ભારત સરકારે તેમને કાનૂની મદદ આપી છે કે નહીં.

# RS-EAM STATEMENT -2

અગાઉ, વિરોધ પક્ષોએ અમેરિકામાંથી ભારતીય નાગરિકોનાં દેશનિકાલ મુદ્દે ચર્ચા કરવાની માંગણી કરતા સંસદનાં બંને ગૃહોની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી.

ડોક્ટર જયશંકરે વિરોધપક્ષનાં હોબાળા વચ્ચે આ જ નિવેદન લોકસભામાં કર્યું હતું. તેમનાં નિવેદન બાદ પણ શોરબકોર ચાલુ રહેતાં અધ્યક્ષે આજનાં દિવસ પૂરતી ગૃહની કાર્યવાહી મોકૂફ રાખી હતી.

# MAHA KUMBH

## હવે મહાકુંભના સમાચાર

(OPENING KUMBH MUSIC)

પ્રયાગરાજના મહાકુંભમાં જનજાતિ સાંસ્કૃતિક સમાગમ 2025નાં ભાગ રૂપે આદિવાસી યુવા કુંભનું આયોજન કરવામાં આવ્યું. અમારા પ્રતિનિધી જણાવે છે કે, યુવા કુંભમાં દેશભરમાંથી આદિવાસી સમુદાયના આઠ હજારથી વધુ લોકો ભાગ લઈ રહ્યા છે. પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલ

(BYTE: DEPENDRA)

દરમિયાન, મણિપુરના મુખ્યમંત્રી એન બિરેનસિંહ, હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ આજે ત્રિવેણી સંગમમાં પવિત્ર ડુબકી લગાવી હતી. શ્રી બિરેનસિંહે તેમના મંત્રીમંડળનાં સભ્યો સાથે પવિત્ર સ્નાન કર્યું હતું.

(CLOSING KUMBH MUSIC)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WILDFIRE-LOSS

અમેરિકાની લોસ એન્જલસ કાઉન્ટીમાં તાજેતરમાં વિનાશ વેરનાર બે મોટા દાવાનળને કારણે મિલકત અને મૂડીને કુલ 164 અબજ ડોલરનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, લોસ એન્જલસ દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે પેલિસેડ્સ અને ઇટનમાં લાગેલી આગને કારણે મિલકત અને મૂડીને 95 અબજ ડોલરથી 164 અબજ ડોલરની વચ્ચે નુકસાન થયું હોવાનો અંદાજ છે.

UCLA એન્ડરસન ફોરકાસ્ટના અર્થશાસ્ત્રીઓ ઝિયૂન લી અને વિલિયમ યુ દ્વારા લખાયેલા આ અહેવાલમાં 2025માં કાઉન્ટી-સ્તરની GDPમાં 0.48 ટકાનું નુકસાન થવાની આગાહી કરવામાં આવી છે, જે આશરે 4.6 અબજ ડોલર જેટલું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થાનિક વ્યવસાયો અને કર્મચારીઓને કુલ 297 મિલિયન ડોલરનું વેતન નુકસાન થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# CRICKET - IND VS ENG TARGET

નાગપુરનાં વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે ત્રણ વન-ડે મેચની શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે ઇંગલેન્ડનાં 248 રનના જવાબમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે 32 ઓવરમાં 3 વિકેટે 208 રન બનાવ્યા છે. અગાઉ, ઇંગલેન્ડે ટોસ જીતીને બેટિંગ લીધી હતી અને 47.4 ઓવરમાં 248 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

કેપ્ટન જોસ બટલરે 52 અને જેકોબ બેથેલે 51 રન કર્યા હતા. રવિન્દ્ર જાડેજા અને હર્ષિત રાણાએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. આજે યશસ્વી જયસ્વાલ અને હર્ષિત રાણાએ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં પદાર્પણ કર્યું હતું. ધુંટણની ઇજાને કારણે વિરાટ કોહલીને આરામ આપવામાં આવ્યો છે.

શ્રેણીની બીજી મેચ રવિવારે કટકમાં અને ત્રીજી તથા અંતિમ મેચ 12મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાશે.

# RUPEE CLOSE

અમેરિકન ડોલર સામે રૂપિયો વધુ 11 પૈસા ઘટીને 87 રૂપિયા 57 પૈસાની અત્યાર સુધીની સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. આવતી કાલે ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જાહેર થનારી નાણાકીય નીતિમાં વ્યાજ દરમાં ઘટાડાની સંભાવનાની અસરથી રૂપિયામાં ધોવાણ થયું છે. છ વૈશ્વિક અગ્રણી ચલણો સામે અમેરિકન ડોલરની તાકાતનો માપદંડ ગણાતો ડોલર ઇન્ડેક્સ આજે દિવસ દરમિયાન 107.95 પર ટ્રેડ થતો હતો.